પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૬ | ૧૭ એપ્રિલ, ૨૦૧૭, સોમવાર ; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સુરતમાં મોદીનો ઐતિહાસિક રોડ-શો

**સુરતમાં મોદીના મેગા રોડ શોમાં જનમેદની ઉમટી : નરેન્દ્ર મોદી મોડી સાંજે ગુજરાતની બે દિવસની યાત્રાએ પહોંચ્યા : રોડ શો વેળા મોદીને જોવા પડાપડી : ખુલ્લી ગાડીમાં નરેન્દ્ર મોદીએ લોકોનો અભિનંદન ઝીલ્યું : મહિલા બાઇકર્સ આકર્ષણનું કેન્દ્ર**





સુરત, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાત યાત્રાએ આજે પહોંચી ગયા હતા. સૂરત વિમાની મથકે પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરમાં ભાજપ કારોબારીની બેઠકમાં હાજરી આપ્યા બાદ સીધા મોદી સુરત પહોચ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભાજપના વરિષ્ઠ નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મોદીની ભવ્ય

● અનુસંધાન પાન-૫ પર

# મુંબઈ, ચેન્નાઈ અને હૈદરાબાદ એરપોર્ટ પર હાઈએલર્ટ

**ત્રાસવાદીઓ વિમાનોનું અપહરણ કરી શકે : મુંબઈ, ચેન્નાઈ અને હૈદરાબાદ સહિત તમામ જગ્યાએ સઘન સુરક્ષા : વિમાન અપહરણ કરવા માટેની યોજનામાં ૨૩ લોકો સામેલ હોવાની બાતમી સુરક્ષા અધિકારીઓને મળ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા : હાઈએલર્ટ જાહેર કરાયું**




મુંબઈ, તા. ૧૬

મુંબઈ, ચેન્નાઈ અને હૈદરાબાદથી ઉંડાણ ભરનાર વિમાનોને એક સાથે હાઈઝેક કરવાના કાવતરા સાથે જોડાયેલી ગુપ્તચર માહિતી મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓને હાઈએલર્ટ ઉપર મુકી દેવામાં આવી છે. આતંકવાદીઓ વિમાન અપહરણ કરી શકે છે. વિમાનોનું અપહરણ કરીને હુમલા કરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. સુરક્ષા સંસ્થાઓને મળેલી માહિતી મુજબ વિમાનને અપહરણ કરવાની યોજનામાં ૨૩ લોકોની એક ટીમ સામેલ છે. સૂચના મળ્યા બાદ આ ત્રણેય વિમાની મથક સહિત દેશના તમામ મહત્વપૂર્ણ વિમાની મથકો ઉપર સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં ત્રણ વિમાની મથકોથી ઉંડાણ ભરનાર તમામ યાત્રી સમય કરતા પહેલા પહોંચે તેવી સૂચના આપવામાં આવી છે. યાત્રીઓ પુરતા સમય રહેવાની

● અનુસંધાન પાન-૫ પર

# મુંબઈમાં બનશે વિશ્વની સૌથી ઉંચી ઈમારત

**કેન્દ્રીય કેબિનેટની લીલીઝંડીનો ઇંતઝાર છે : ડ્રીમ પ્રોજેક્ટમાં ૧૬૩ માળની બૂચ ખલીફાથી પણ ઉંચી ઇમારત બનાવવા માટે યોજના તૈયાર છે : નીતિન ગડકરી**





મુંબઈ, તા. ૧૬

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં દુબઈના બુચ ખલીફાથી પણ ઉંચી અને શાનદાર ઈમારત બનાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. માર્ગ પરિવહન રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીના ડ્રીમ પ્રોજેક્ટમાં ૧૬૩ માળની બૂચ ખલીફાથી પણ ઉંચી ઈમારત સુધી પહોંચવા માટે મુંબઈના મરીન ડ્રાઇવથી એક મોટા બુલેવાલ તૈયાર કરવાની પણ યોજના છે. હકકીતમાં ગડકરીની નજરમાં મુંબઈ બંદર ટ્રસ્ટ શહેરમાં જમીનના સૌથી અમીર માલિક તરીકે છે. ગડકરી ટ્રસ્ટની બિનજરૂરી રહેલી વિસ્તૃત ઔદ્યોગિક જમીનનો ચહેરો બદલી દેવા ઈચ્છુક છે. જે દેશને એક નવા બંદરના હિસ્સા તરીકે રહેશે. ગડકરીએ કહ્યું છે કે, મુંબઈમાં અમારી પાસે સૌથી વધારે જમીન છે. લોકપ્રિય તાજ હોટલ, બલાડ એસ્ટેટ, રિલાયન્સ બિલ્ડીંગ આમા સામેલ છે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટ આના માલિક તરીકે છે. બંદરથી જોડાયેલી જમીનને વિકસિત કરવા માટે મોટી અને સારી યોજનાઓ રહેલી છે. આ યોજનાઓ તૈયાર કરી લેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૫ પર

# કાશ્મીર ખીણમાં વિસ્ફોટક સ્થિતિ

**હડતાળથી જનજીવન પૂર્ણ ખોરવાયું : બંધના કારણે વિવિધ વિસ્તારોમાં વિસ્ફોટક સ્થિતિ : પથ્થરબાજો પર સુરક્ષા જવાનના ગોળીબારમાં ૨૩ વર્ષીય એક યુવાનના મૃત્યુ બાદથી કટ્ટરપંથીઓ દ્વારા બંધ પળાયું**

શ્રીનગર, તા. ૧૬

શ્રીનગર શહેરના બટમાલી વિસ્તારમાં બીએસએફનચા જવાન દ્વારા કરવામાંઆવેલા ગોળીબારમાં ૨૩ વર્ષીય યુવાનના મોત બાદ આને



લઈને જોરદાર નારાજગી જોવા મળી રહી છે. યુવાનના મોત સામેના વિરોધમાં અલગતાવાદી દ્વારા કરવામાં આવેલી હડતાળની હાકલના લીધે કાશ્મીર ખીણમાં આજે જનજીવન ખોરવાઈ ગયું હતું. અલગતાવાદીઓ ખીણની સ્થિતિને વધુ જટિલ બનાવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. અલગતાવાદી અને કટ્ટરપંથીઓ યુવાનોને ઉશ્કેરવાની ગતિવિધિમાં વ્યસ્ત રહ્યા છે. કાશ્મીર ખીણમાં આજે હડતાળના લીધે જનજીવન ખોરવાયેલું રહ્યું હતું. દુકાનો, પેટ્રોલ પંપ અને અન્ય વેપારી પેઢીઓ બંધ રહી હતી. જાહેર પરિવહનના સાધનો પણ રસ્તા પર દેખાયા ન હતા. જો કે, ખાનગી કાર, કેબ અને ઓટો રિક્ષા રસ્તા ઉપર જોવા મળ્યા હતા. હડતાળના કારણે સ્થિતિ તંગ રહી હતી. બીજી બાજુ અન્ય જિલ્લાઓમાં પણ હડતાળની અસર દેખાઈ હોવાના અહેવાલ મળ્યા છે. હુર્રિયત કોન્ફરન્સના ચેરમેન સૈયદ અલીશાહ ગિલાની, મીરવાઈઝ ઉંમર ફારુકના અલગતાવાદીઓ, જેકેએલએફના લીડર યાસીન મલિક

● અનુસંધાન પાન-૫ પર

## પુલવામામાં ત્રાસવાદી હુમલો

શ્રીનગર, તા. ૧૬

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં ત્રાસવાદીઓએ કરેલા એક હુમલામાં પીડીપીના કાર્યકરનું મોત થયું ચે જ્યારે અન્ય બે લોકોને ઈજા થઈ છે. આ હુમલો કરવામાં આવ્યા બાદ એવા સંકેત મળી રહ્યા છે કે, ત્રાસવાદીઓ સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા છે અને પરિસ્થિતિનો લાભ ઉઠાવીને હુમલાઓ કરી રહ્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, આતંકવાદીઓ પુલવામા જિલ્લાના રાજપૌરા વિસ્તારમાં ૪૫ વર્ષીય બશીર અહેમદના ઘરમાં ઘુસી ગયા હતા. બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ કાર્યવાહી હાથ ધરી હતી. ઘરમાં ઘુસી ગયા બાદ ત્રાસવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ઈજા પામ્યા બાદ એકનું મોત થયું હતું જ્યારે અન્ય વ્યક્તિને ઈજા થઈ હતી. આતંકવાદીઓએ અગાઉ લોકલ બસ સ્ટેન્ડ નજીક અલતાફ અહેમદ દાર તરીકે ઓળખાયેલી અન્ય વ્યક્તિ ઉપર પણ ગોળીબાર કર્યો હતો. અલતાફને તેના પગમાં ગોળી વાગી હતી. બશીર અહેમદ દાર અને અલતાફ અહેમદ બંને શાસક પીડીપીના કાર્યકરો હોવાનું જાણવા મળ્યું છે. ત્રાસવાદીઓ દ્વારા હાલમાં પીડીપીના કાર્યકરો અને સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરી રહ્યા છે. આતંકવાદીઓને સ્થાનિક લોકોનું સમર્થન મળી રહ્યા હોવાની વિગતો ખુલી રહી છે. આવી સ્થિતિમાં આ હુમલો વધુ પુરાવા આપે છે.

# કુલભૂષણના મામલે યુએનને ડોઝિયર આપવા પાક તૈયાર

નવીદિલ્હી, તા. ૧૬

મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા ભારતીય નાગરિક કુલભુષણ જાદવના મુદ્દે ભારત અને પાકિસ્તાન હવે આમને સામને આવી ગયા છે. પાકિસ્તાને પોતાની સ્થિતિને વધુ હળવી કરવા અને ટિકાટિપ્પણીથી બચવા કુલભૂષણ જાદવના મામલે નવો ડોઝિયર તૈયારી કરી લીધો છે. ભારતીય નાગરિક કુલભૂષણ જાદવની આતંકવાદી ગતિવિધિના સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલો ડોઝિયર સંયુક્ત રાષ્ટ્રને સુપરત કરવામાં આવનાર છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય નાગરિકને ઉતાવળમાં ફાંસીની સજા ફટકારવામાં આવ્યા બાદ ચારેબાજુ પાકિસ્તાનની ટિકાટિપ્પણી થઈ રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ કુલભૂષણ જાદવના સંદર્ભમાં ડોઝિયર રજૂ કરીને સ્થિતિ સ્પષ્ટ કરવા ઈચ્છુક છે.

## ન્યુઝ ટ્રેક

### થાણેના પ્રસિદ્ધ બેન્ડ દ્વારા મોદીનું સ્વાગત




અઢી વર્ષ બાદ સુરત પધારેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું થાણેના પ્રસિદ્ધ બેન્ડની સુરાવલીઓથી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. દિવ્યાંગ બાળકો દ્વારા કારગીલ સર્કલ પાસે સ્વાગત કરાયુ હતુ. જ્યારે ૧૧ કિ.મી.ના અદ્દભૂત રોડ શૉ નુંઆયોજન મહિલા બાઈકર્સ ગ્રુપ દ્વારા કરાયુ હતુ.

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો

શનિવારે મધ્યરાત્રીએ પેટ્રોલના લીટર દીઠ રૂ. ૧.૩૯ પૈસા અને ડીઝલમાં ૧ રૂપિયાનો ભાવ વધારો કરાયો હતો. ભાવ વધારો શનિવારે રાત્રે ૧૨ વાગ્યાથી જ અમલી બન્યો હતો.

### રીચર્સ માટે એવરેસ્ટમાં કરાશે હોલ



હવામાન વિભાગના વૈજ્ઞાનિકો રિસર્ચ માટે વિશ્વના સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટના સૌથી ઊંચા ખૂંબુ પર હોલ કરવા જઈ રહ્યા છે. વૈજ્ઞાનિકો આ ઊંચા ગ્લેશિયર પર હોલ કરી તેની આંતરિક સંરચના, તાપમાન અને તેમાં અંદર વહી રહેલા પાણીની જાણકારી મેળવશે.

### કેજરીવાલ સામે વધુ એક ફરિયાદ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચૂંટણી પંચને ધૃતરાષ્ટ્ર અને ભાજપને દૂર્યોધન સાથે સરખામણી બદલ ભાજપ કાનૂની સમિતિ દ્વારા સંસદ માર્ગ પોલીસમથકમાં ફરિયાદ આપવામાં આવી છે.

### સિંગાપુર ઓપનનું ટાઈટલ પ્રનિતે કબ્જે કર્યુ

સિંગાપુર ઓપનની ઐતિહાસિક ફાઈનલમાં બી સાંઈ



પ્રનિતે જીત મેળવી હતી. તેણે ભારતીય શટલર કે શ્રીકાંતને હરાવી ફાઈનલમાં હરાવી આ ટાઈટલ પોતાના નામે કર્યુ હતુ.

### ગુજરાતીના સાહિત્યકાર જનક નાયકનું અવસાન

સુરત સ્થિત ગુજરાતી ભાષાના



જાણીતા સાહિત્યકાર અને પ્રકાશક જનક નાયકનું રવિવારે સવારે અવસાન થતા સાહિત્ય જગતમાં ઘેરા શોકની પ્રસરી હતી. તેઓ ગુજરાતની જાણીતા પ્રકાશન સંસ્થા સાહિત્ય સંગમ પરિવારના કર્ણધાર હતા.

### આમિરની દંગલ ચીનમાં પાંચમી મેના દિવસે રજૂ

બોલીવુડ અભિનેતા આમિર ખાન અને નીતિશ તિવારી પોતાની ફિલ્મના પ્રમોશન માટે ચીન માટે રવાના થઈ ચુક્યા છે. આ ફિલ્મ પડોશી દેશ ચીનમાં પાંચમી મેના દિવસે રજૂ થનાર છે.





